જેલમાં ઉત્પન્ન કરવામાં આવતા માલસામાનના
ભાવો નક્કી કરવા બાબત..

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:જલમ/૯૬૮૮/૩૦૬૮/જ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:-૨૫-૫-'૮૯.

વંચાણમાં લીધા:- (૧) ગૃહ વિભાગ ઠરાવ નં.જીજેયુ-૧૦૬૯-૫૨૪૩-જ,તા:૧૯-૮-૭૪
(૨) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીનો પત્ર ક્રમાંક:ઉદ્યોગ-ખરદ-૧-૫૩-૮૯
તા: ૧૧-૬-'૮૯.

ઠ રા વ :-

આમુખમાં ક્રમાંક:(૧) સામે દર્શાવેલ ગૃહ વિભાગના તા:૧૯-૮-૭૪ના ઠરાવથી રાજ્યની જેલોમાં ઉત્પન્ન કરવામાં આવતા માલ-સામાનના વેચાણ માટે વેચાણ કિંમત નક્કી કરવાની પધ્ધતિ નિયત કરવામાં આવી છે,અને તે મુજબ જેલમાં ઉત્પન્ન કરવામાં આવતી ચીજ-વસ્તુઓની કુલ ઉત્પાદન કિંમતમાં તે કિંમતના ૨૫% જેટલી રકમ ઘસારા ખર્ચ,નફો વગેરે માટે ઉમેરતા જે રકમ આવે તે રકમ વેચાણ કિંમત તરીકે નક્કી કરવામાં આવે છે.જેની ફોર્મ્યુલા નીચે મુજબ છે.

વેચાણ કિંમત:=કુલ ઉત્પાદન કિંમત(કાચા માલની કિંમત + કેદીને ચૂકવેલ વેતન)
+ ૨૫% નફો (ઉત્પાદન કિંમતના)

૨. રાજ્યની જેલોમાં ઉત્પન્ન કરવામાં આવતા માલ-સામાનની,હાલ ઉકત પધ્ધતિ પ્રમાણે નક્કી થતી વેચાણ કિંમત અન્ય ઉત્પાદનકર્તાઓ દ્વારા બજારમાં મૂકવામાં આવતા માલની કિંમતની સરખામણીમાં ઘણી ઉંચી હોય છે.આથી જેલોમાં બનતો માલ ગુણવત્તા અને ટકાઉપણાની દૃષ્ટિએ સારો હોવા છતાં વધુ કિંમતને કારણે તેનું જનતામાં વેચાણ ઓછું થાય છે.

જેલોમાં ઉત્પન્ન થતો માલ જેલના કેદીઓ દ્વારા બનાવવામાં આવે છે જેના બદલારુપે કેદીઓને તાલીમ સહ ઉત્પાદનના ધોરણે વેતન ચૂકવવામાં આવે છે. આથી જેલમાં કેદીઓને નિયમિતપણે સતત કામગીરી મળી રહે તે પણ જરુરી છે. પરંતુ જેલમાં ઉત્પન્ન થતી વસ્તુઓની વેચાણ કિંમત ૨૫ ટકા (માર્જીન) નફાને કારણે પ્રમાણમાં ઉંચી હોવાને કારણે તેનું વેચાણ જનતામાં તથા અન્ય સરકારી કચેરીઓમાં ઓછું થતું હોવાથી જેલમાં ઉદ્યોગ વિભાગના કામને વિપરીત અસર થાય છે અને કેદીઓને સતત અને પુરતું કામ આપી શકાતું નથી.જેની વિપરીત અસર જેલના વહીવટ પર પણ થવા પામે છે.આ પરિસ્થિતિમાં જેલના કેદીઓને સતત અને પૂરતું

કામ મળી રહે અને જેલ ઉદ્યોગો સતત કાર્યાન્વીત રહે તે માટે ''ઓછા નફાએ બહોળો વેપાર''એ નીતિ મુજબ ૨૫ ટકાના નફાના ધોરણને ઘટાડીને ૧૦ ટકા કરવા માટેની જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીની દરખાસ્ત કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી.

૩. આ બાબતમાં તમામ પાસાઓ પર કાળજીપૂર્વકની વિચારણા કર્યાબાદ, જેલોમાં ઉત્પન્ન કરવામાં આવતી ચીજ-વસ્તુઓ કિંમતની દ્રષ્ટિએ અન્ય ઉત્પાદકોના માલ સામે બજારમાં ટકી શકે અને જનતામાં તથા સરકારી કચેરીઓમાં તેનુ વેચાણ વધુ થાય તેમજ કેદીઓને પણ નિયમિતપણે સતત કામ આપી શકાય તથા જેલ ઉદ્યોગોનો પણ ક્રમશ: વિકાસ થાય તે માટે જેલોમાં ઉત્પન્ન કરવામાં આવતી ચીજ વસ્તુઓ/માલસામાનની કુલ ઉત્પાદનની કિંમત (કાચા માલની કિંમત તથા કેદીને ચૂકવેલ વેતન)પર હાલના ૨૫% ને બદલે હવે પછી ૧૦% પ્રમાણે નફો ઉમેરીને વેચાણ કિંમત નકકી કરવાની પધ્ધતિ રાખવાનુ સરકારે ઠરાવ્યુ છે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી(આ.બા.)નાણા વિભાગની તા:૧૨-૫-૮૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.ડી.મકવાણા )
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
અધિક્ષકશ્રી, મધ્યસ્થ જેલો, અમદાવાદ/વડોદરા.
અધિક્ષકશ્રી, તમામ જિલ્લા જેલો/ખાસ જેલો/ખુલ્લી જેલો/હેડકવાટર સબ જેલો.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
તમામ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ,
નાણા વિભાગ /બજેટ શાખા, ગૃહ વિભાગ,
સીલેકટ ફાઇલ.
મદદનીશ સીલેકટ ફાઇલ.

ભરત/૨૪૫૮૯/